વખત યાત્રા કરી, અને આખા આર્યાવર્તના મુખ્ય વિદ્વાનોની જુદે જુદે સ્થળે સભાઓ ભરી, તેમજ ખાનગી બેઠકોમાં, પોતાના બ્રહ્મવાદનું યથાર્થ મંડન કરી તેમની પાસે તે માન્ય કરાવ્યો, અને પુષ્ટિ ભક્તિ માર્ગનો બોધ આપ્યો. આ કાર્યમાં એમણે અરાઢ વર્ષ ખરચ્યાં. દરમિઆન એ પોતાની અઠ્ઠાવીસ વર્ષની ઉમ્મરે પરણ્યા. લગ્ન પછી પણ જે કાર્યને માટે એમણે અવતાર ધારણ કર્યો હતો તેજ કાર્ય કરવાનું જારી રાખ્યું. લગ્ન થયા પછીજ એમણે ઘણા ખરા મોટા ગ્રંથો લખ્યા. થોડે થોડે અંતરે એ ધર્મનો અને બ્રહ્મવાદનો ઉપદેશ કરવા મુસાફરીએ નિકળતા. જ્યારે એ ઘેર રહેતા ત્યારે ગયા ને બનારસની પાસે ચરણાદ્રિ અને અડેલ નામનાં નાનાં સુંદર ગામો છે તેમાં સાદાઈથી રહેતા. પોતે ભગવાન તરફ પૂર્ણ ભક્તિ ભાવ સંપન્ન હોવાથી, અને સર્વત્ર સમભાવ રાખનાર હોવાથી, અને લોકોના ઉપર ઘણા દયાળુ હોવાથી, એ જ્યાં જતા ત્યાં સર્વને ભક્તિ માર્ગનો અને શુદ્ધાદ્વૈત સિદ્ધાન્તનો બોધ આપતા અને સેવા શી રીતે કરવી તે શીખવતા.

ભક્તિ યુક્ત ઘણીજ સાદી અને કીર્તિવાળી જીંદગી ભોગવી, તથા ધર્મને વિષે જે જે ઇશ્વર સંબંધી પરમતત્ત્વ હતું, તત્વવિદ્યાને વિષે જે ઉત્તમોત્તમ તત્ત્વવિદ્યા હતી, અને ભક્તિ શાસ્ત્રને વિષે જે કીમતી વસ્તુ હતી, એ સઘળાનો બોધ કરી, શ્રીમદાચાર્યજીએ બાવન વર્ષની ઉમ્મરે આ ભૂતળને છોડયું. દાક્તર વુઇલ્સન સાહેબ કહે છે કે–પોતાના અવતારનો હેતુ પાર પાડી શ્રીમ વલ્લભાચાર્યજીએ કાશીમાં હનુમાન ઘાટ આગળ શ્રી ગંગાજીમાં પ્રવેશ કર્યો, અને પાણીમાં નીચા નમતાં પોતે અદ્રશ્ય થઇ ગયા; પાણીના જે ભાગમાં એમણે પ્રવેશ કર્યો તે ભાગ ઉપર એક ચકચકિત જવાળાનો સ્તંભ દેખાયો, અને હજારો મનુષ્યોના દેખતાં એમણે તે જવાળા સ્થંભ દ્વારા વૈકુન્ઠ તરફ પ્રયાણ કર્યું, અને પછી આકાશમાં અદ્રશ્ય થઇ ગયા.

